# ECHO OF HIS CALL

## સાદનો પ્રતિસાદ

GUJARATI

India's National Spiritual Newspaper

₹ 10/-

(ECHO GROUP)

Published monthly in ENGLISH, TAMIL, MALAYALAM, TELUGU, HINDI, KANNADA, MARATHI, BENGALI, GUJARATI, ODIYA, ASSAMESE, PUNJABI, NEPALI, URDU, SINHALA & AFRIKAN

Editor : S. SAM SELVA RAJ | 16 Languages | Associate Editor : Bro. PANKAJ C. WADIA

VOL: XXIV | DECEMBER 2022 | NO: 10


**પવિત્ર બાઈબલ**

**કૃપા કરી આ ભાગ મોઢે કરો**

**પ્રભુની સ્તુતિ થાઓ!!**

લૂક ૧:૨૬-૩૩

૨૬. છઠ્ઠે મહિને ગાબ્રિયેલ દૂતને નાસરેથ નામે ગાલીલના એક શહેરમાં એક કુમારિકાની પાસે દેવ તરફથી મોકલવામાં આવ્યો.

૨૭. દાઉદના વંશના યૂસફ નામે, એક પુરૂષ જોડે તેની સગાઈ થઈ હતી; તે કુમારિકાનું નામ મરિયમ હતું.

૨૮. દૂતે તેની પાસે આવીને કહ્યું કે, હે કૃપા પામેલી, સુખી રહે, પ્રભુ તારી સાથે છે.

૨૯. પણ એ વાત સાંભળીને તે ઘણી ગભરાઈ ને વિચાર કરવા લાગી કે, આ તે કંઈ જાતની સલામ હશે!

30. દૂતે તેને કહ્યું કે, હે મરિયમ, બી મા; કેમ કે તું દેવથી કૃપા પામી છે.

31. જો, તને ગર્ભ રહેશે, ને દીકરો થશે, ને તું તેનું નામ ઈસુ પાડશે.

32. તે મોટો થશે, ને પરાત્પરનો દીકરો કહેવાશે; અને દેવ પ્રભુ તેને તેના પિતા દાઉદનું રાજ્યાસન આપશે.

33. તે યાકૂબના ઘર પર સર્વકાળ રાજ કરશે, ને તેના રાજ્યનો અંત આવશે નહિ.



# નાતાલના આશીર્વાદો!

BLESSINGS OF CHRISTMAS!

પાળક કે. આર. રાજાસેકરન

દુનિયાના મોટા ભાગના લોકો પ્રથમ નાતાલ ચૂકી ગયા હતા. તેઓ તેનાથી અજાણ હતા. તેઓ જાણતા ન હતા તેમ થયું હતું. તેઓ જાણતા ન હતા કે તે ઘડ્યું હતું. તેઓ તેનું મહત્ત્વ જાણતા ન હતા. પ્રથમ નાતાલમાં ઘણા થોડા લોકોએ ભાગ લીધો હતો. હવે ૨૦૦૦ વર્ષો પછી, સંપૂર્ણ જગત જાણે છે કે નાતાલ શું છે. દુનિયાભરના કરોડો લોકો ભજનસેવાઓમાં હાજરી આપવા જશે અને ખ્રિસ્તના જન્મની ઉજવણી કરશે. મરિયમ, યૂસફ, ઘેટાંપાળકો તથા માગીઓ એ થોડા લોકો હતા, જેઓ પ્રથમ નાતાલને જાણતા હતા. તેઓમાં એવું ખાસ શું હતું કે તેઓ પ્રથમની નાતાલના હિસ્સા બન્યા હતા? ઈશ્વર કેવી રીતે પસંદ કરે છે કે જેમને તેઓ આશીર્વાદ આપશે? હું ફક્ત પળવાર માટે એટલું જ વિચારવાનું ઈચ્છું છું કે કેવી રીતે ઈશ્વર કોને પસંદ કરે છે અને તેમનો ઉપયોગ કરે છે.

હકીકત એ છે કે, ઈશ્વર તમને આશીર્વાદિત કરશે, **જો તમે જે બાબતો મરિયમ, યૂસફ, ઘેટાંપાળકો અને માગીઓએ કરી હતી, તે કરશો તો, જો તમે તે હમણા કરશો, તો આ નાતાલ તમારા માટે પણ આશીર્વાદિત થશે. કારણ કે, જ્યારે તમે તે તરફ જુઓ તો, યૂસફે સાથ સહકાર આપ્યો, ઘેટાંપાળકોએ ઉજવણી કરી; મરિયમે તે વાત મનમાં નોંધી રાખી અને જ્ઞાની લોકોએ પોતાને પવિત્ર કર્યા. આવો આપણે તેના પર એક પછી એક પર મનન કરીએ.**

## ૧) ઈશ્વરની યોજનમાં યૂસફે સાથ સહકાર આપ્યો!

**"અને ઈસુ ખ્રિસ્તનો જન્મ આ પ્રમાણે થયો, એટલે તેની મા મરિયમનું વેવિશાળ યૂસફ જોડે થયા પછી, તેઓનો મિલાપ થયા અગાઉ પવિત્ર આત્માથી તે ગર્ભવતી થયેલી જણાઈ. અને તેનો પતિ યૂસફ જે નીતિમાન માણસ હતો, તેણે તેનું ઉઘાડી રીતે અપમાન કરવા ન ચાહતાં, તેને ગુપ્ત રીતે મૂકી દેવાનું ધાર્યું. પણ એ સંબંધી તે વિચારતો હતો, એટલામાં**




**પ્રભુના દૂતે તેને સ્વપ્નમાં દર્શન દઈને કહ્યું કે, ઓ યૂસફ, દાઉદના દીકરા, તારી પત્ની મરિયમને તેડી લાવવાને બી મા; કેમ કે તેને જે ગર્ભ રહેલો છે. તે પવિત્ર આત્માથી છે. અને તેને દીકરો થશે, ને તું તેનું નામ ઈસુ પાડશે; કેમ કે જે પોતાના લોકોને તેઓનાં પાપથી તારશે, તે એ જ**

(અનુસંધાન પાન 3 પર)

# ECHO OF HIS CALL - (1969-2019 GOLDEN JUBILEE YEAR)



## from your dearly beloved brother...



> "...કેમ કે જે મિસરીઓને આજે તમે જુઓ છો, તેઓને તમે ફરી કદી દેખશો નહિ." – નિર્ગમન ૧૪:૧૩

### આપણી મિશન નીતિ

આપણે સમકાલીન પેઢીને પ્રાચીન અને પ્રારંભિક પ્રેરિતોનું ઉચ્ચગુણવત્તાવાળું શિક્ષણ સમજાવવું જોઈએ અને શીખવવું જોઈએ. આ સમયની જરૂરિયાત છે.


**CHIEF EDITOR**
Angeline Selvakumari Henry, M.A., M.Ed.

**MANAGING EDITOR**
Pastor Alex Samson Sam, B.Th., M.Div.

**ADMINISTRATION**
Bro. N. Prakasam, M.A., General Manager

**EDITORIAL BOARD**
Sis. Jesy Veena Sam
Sis. Serena Bevin, M.A., M.Phil., B.Ed.
Rev. Dr. K.R. Rajasekaran
Dr. A. Richard Samuel, M.A., Ph.D.

**EDITOR, PUBLISHER & PRINTER**
Pastor S. SAM SELVA RAJ
Echo of His Call Printers
10, Mohammed Abdullah 2nd Street,
Chepauk, Chennai- 600 005, India.
Phone : (+ 91- 44) 2852 8282, 2852 9293, 2854 7766
Cell : (+91) 98410 71852, 95661 31858

**CORE LEADERS**
Bro. K. Puratchivendan
Bro. A. Edward Durai
Bro. A. Alvin
Bro. K. Abraham
Sis. Dhanalakshmi Chinnaiah

**E.mail ID**
sam@echoofhiscall.org
biblecor@yahoo.co.in

**WEBSITES**
www.echoofhiscall.org
www.stpaulsmatriculation.com

**YOUTUBE CHANNEL**
Echo of His Call


વહાલા પ્રિય ભાઈઓ તથા બહેનો,

ઈશ્વરે પિતા તરફથી તમને કૃપા તથા શાંતિ થાઓ. જે ઈશ્વર પ્રભુએ આપણને વર્ષ ૨૦૨૨ દરમિયાન આશીર્વાદિત કર્યા હતા, તેઓ ૨૦૨૩ના નવા વર્ષ દરમિયાન પણ તમારી સાથે હશે.

અમે આશા રાખીએ છીએ કે ઈશ્વરકૃપાથી તમે સારું કરી રહ્યા છો. આવનાર દિવસોમાં ઈશ્વર તમારા જીવનમાં ચોક્કસ ઘણા મોટા કામો કરવા જઈ રહ્યા છે. ચમત્કાર માટે આજે તેમનામાં વિશ્વાસ કરો!

અમે ભારતના તથા પડોશી દેશોના વણખેડાયેલા લોકો સુધી પહોંચવા માટે ઘણા વ્યસ્ત



અમારી નિવાસી હિન્દી કોલેજ

છીએ. દરમિયાનમાં અમે નહેમ્યા બાઈબલ કોલેજના વિદ્યાર્થીઓને વધુ ફસલ માટે તૈયાર કરી રહ્યા છીએ. તેઓ આનંદથી અભ્યાસ કરી રહ્યા છે અને બહારી તાલિમ લઈ રહ્યા છે. તમે બાઈબલ કોલેજની પ્રવૃતિઓ માટે પ્રાર્થના કરી રહ્યા છો તથા સહાયરૂપ થઈ રહ્યા છો માટે અમે તમારા આભારી છીએ. કૃપા કરીને તેમ કરતા રહો.

મારી દક્ષિણ ભારતની મુસાફરી વખતે અમે ઈશ્વરની સેવામાંના અમારા કેટલાક કાર્યકરોની સાથે અમારા સંબંધો મજબૂત કરી શક્યા હતા.

તેમના વિસ્તારોમાં અમે કેટલીક સુવાર્તા ટ્રાક તથા બૂકલેટો વહેંચી શક્યા હતા. અને આશીર્વાદિત થયા હતા. અમે ઈકો ઓફ હીજ કોલ સુવાર્તા છાપખાના માટે અને સાહિત્યના કાર્યકરો માટે ઈશ્વરનો આભાર માનીએ છીએ. અમે દરરોજ ઘણો વધુ પ્રતિસાદ મેળવી રહ્યા છીએ.

ઘણી જગ્યાઓમાં અમે જુવાન લોકો માટે ખાસ પરિસંવાદો ભરાવી શક્યા હતા. ઈશ્વરે બહેન એન્જેલીના સેલ્વાકુમારી,



પાળક જેકબ જયાકુમાર અમારા સુવાર્તા ટ્રાક્ટ ડિસ્ટ્રીબૂટર, વિલ્લુપુરમ શહેરના



ભાઈ સોલોમન મનોહરન, વેપારી, ૯૯, કે. એમ. કોફી મેજીક, અને ગ્રામ્ય પાળક મુલ્લાઈવાનન, અમારા બાઈબલકોર, પત્રવ્યવહાર અભ્યાસક્રમના સ્નાતક, ચેય્યૂર



પાળક જેબા ડેનિયેલ વેલ્લીયૂર શહેર



પાળક સ્ટીફન કાર્થિક વિરુધુનગર શહેર

**Our Ministries:** ECHO OF HIS CALL Monthly Magazines (16 languages) ✿ BIBLECOR - Postal Courses (3 languages) ✿ Online Courses ✿ Theological Correspondence Courses (2 languages) ✿ Church Planting ✿ Nehemiah Bible Colleges ✿ Gospel Printing Press ✿ Great Commission Partners ✿ St. Paul's Matriculation School ✿ Crusades ✿ Community Development



બહેન એન્જેલીના સેલ્વાકુમારી



રેવ. ડો. સન્ની પ્રસાદ



રેવ. ડો. આનંદ બાબૂ

રેવ. ડો. સન્ની પ્રસાદ, રેવ. ડો. આનંદ બાબૂ વગેરેનો ઉપયોગ ર્ક્યો હતો.

વહાલા મિત્રો, અહિં ઈશ્વરનું સેવાકાર્ય કરવું સરળ વાત નથી. અમારે સમજાવી ન શકાય તથા અજાણ્યા દુષ્ટ પરિબળો સાથે જેવા કે અમારા કાર્યકરોના પરિવારોમાં માંદગી, શેતાનનો સીધે હુમલો, રાજકીય પરિબળો, ખ્રિસ્તી વિરોધી પરિબળો, નાણાકીય મુશ્કેલીઓ વગેરે સામે લડવું પડ્યું છે. ખરેખર, અમે મુશ્કેલ પરિસ્થિતિઓમાં સંઘર્ષ કરી રહ્યા છીએ. ફક્ત અમે જ નહિ, ઈશ્વરના સેવકો પણ એક જ નાવમાં સફર કરી રહ્યા છે. જ્યાં સુધી તમારા જેવા લોકો પ્રાર્થનામાં ધરી રાખવા અને સહાય કરવા આગળ આવતા નથી. ત્યા સુધી નાશ પામતા આત્માઓ સુધી પહોંચવું અમારે માટે ઘણું મુશ્કેલ છે.

તેથી, કૃપા કરીને આગળ આવો.

૧) અમારા માટે અને ઈશ્વરના સર્વ સેવકો માટે અને ભારતની તેમજ પડોશી દેશોની મંડળીઓ માટે, ભલે કોઈપણ સંપ્રદાયની હોય, **સર્વને માટે તમારી પ્રાર્થનાનો સમય વધારો.**

૨) અમારા **ઈકો ઓફ હીજ કોલ**માં પાળકો, સુવાર્તિકો તરીકે, સંગીતકારો, શિક્ષકો તરીકે અમારી **સેન્ટ મેટ્રીક્યુલેશન સ્કૂલ**માં, વ્યાખ્યાતા તરીકે અમારી **નહેમ્યા બાઈબલ કોલેજ**માં, વહીવટી કાર્યકર્તાઓ, અધિક્ષકો તથા ટેક્નિકલ વ્યક્તિઓ તરીકે સેવા આપો.

૩) જેમ ઈશ્વર દોરે તેમ **તમારી નાણાકીય સહાય વધારો**, કેમ કે અમારા કાર્યકરોની મૂળભૂત જરૂરીયાતોમાં, છાપખાનાના કાગળની કીંમતમાં, છાપખાનાની શાહીમાં, ટપાલ ખર્ચામાં, મકાન ભાડાઓમાં, દેખભાળ રાખવામાં, વગેરેમાંના ખર્ચામાં ઘણો વધારે થયો છે.

## વિસ્તારોની સભાઓ

કોવિડ-૧૯ પછી ઓછી થયેલી સભ્યોની હાજરીને પહોંચી વળવા, વિસ્તારો પ્રમાણે અમે સભ્યોની સભાઓ દર શુક્રવારે સાંજે ૬.૦૦ થી ૭.૩૦ સુધી ભરાવી રહ્યા છીએ. અમે તે તે વિસ્તારોના આગેવાનો સાથે તેમને મળીએ છીએ, તેમની જરૂરીયાતો પૂરી કરીએ છીએ. અમે તેમને પરિવારો તરીકે આમંત્રણ આપીએ છીએ અને તેમની સમસ્યાઓ કહેવા દઈએ છીએ અને તેમને પ્રોત્સાહન આપીએ છીએ. આ પ્રયાસ ઘણો સફળ થયો છે કેમ કે મંડળીના સભ્યોની હાજરી વધી રહી છે. આપણા પ્રભુ ઈસુ ખ્રિસ્તની સ્તુતિ થાઓ.

ઈશ્વર કૃપાથી અમે પાછલા વર્ષો દરમિયાન કોવિડ-૧૯ને લીધે અસરગ્રસ્ત થયેલા ગરીબ લોકોને નાના પાયા પર મદદ કરી શક્યા હતા, ભલે તેઓ કોઈપણ જાતિ, સંપ્રદાયના



અને ધર્મના હોય. હજુ પણ કોવિડ-૧૯ પછીના ખરાબ અસરોથી તથા બીજી બિમારીઓથી સામાન્ય લોકો પીડાઈ રહ્યા છે. અમને કેટલાક ગરીબ અને દબાયેલા લોકોને તેમની વૈદકીય તથા શૈક્ષણિક જરૂરીયાતો માટે મદદ કરવા નાણાની જરૂર છે. આવી જરૂરીયાતો પૂરી પાડવા માટે તમારા જેવા લોકોને ઊભા કરવા અમે ઈશ્વરને પ્રાર્થના કરીએ છીએ. જો ઈશ્વર તમને આ સામાન્ય જરૂરીયાતમાં ભાગ લેવા દોરે તો તમે તમારો ચેક/ડિમાન્ડ ડ્રાફ્ટ **ઈકો ઑફ હીજ કોલ એજ્યુકેશન ટ્રસ્ટના** નામે આ હેતુ માટે મોકલી શકો છો. (અમે ઈન્કમ ટેક્સ સેક્શન ૮૦જી અંતર્ગત ભારતના દાતાઓ માટે કરમુક્તિ પાવતીઓ આપીશું). **ઈકો ઓફ હીજ કોલ એડ્યુકેશન ટ્રસ્ટ** સરકાર માન્ય ધર્માદા સંસ્થા છે.

અમે તમારા માટે તથા તમારી જરૂરીયાતો માટે પ્રાર્થના કરીએ છીએ. ઈશ્વર તમને વધુને વધુ આશીર્વાદિત કરો અને ૨૦૨૩ના નવા વર્ષમાં નવુ સામર્થ્ય, શક્તિ, જ્ઞાન તથા દિર્ઘાયુ આપો.

**''યહોવા તને આશીર્વાદ આપો, ને તારું રક્ષણ કરો; યહોવા પોતાના મુખનો પ્રકાશ તારા પર પાડો, ને તારા પર કૃપા કરો; યહોવા પોતાનું મુખ તારા પર ઉઠાવો, ને તને શાંતિ આપો.''** ગણના ૬:૨૪-૨૬.

**ઈસુ ખ્રિસ્તમાં તમારા સેવકો**

**પાળક એસ. સામ સેલ્વ રાજ અને એલેક્ષ સેમસન સામ**

(+91) 98412 71858 / 98410 71858,

E.mail : samselvaraj333@gmail.com

(પાન ૧ પરથી આગળ...)

**છે. હવે એ બધું એ માટે થયું કે, પ્રભુએ પ્રબોધકની મારફતે જે કહાવ્યું હતું તે પુરૂં થાય એટલે.**

આવો આપણે યૂસફથી શરૂઆત કરીએ. નાતાલની વાર્તામાં યૂસફ એક ઓછો મહત્વ અંકાયેલો અને અવગણાયેલું પાત્ર છે. તે એક પ્રકારનો સહાયક અભિનેતાની જેવો છે. આપણે તેના વિશે ઘણું બધુ જાણતા નથી. પણ યૂસફ એક સામાન્ય માણસ હતો, તે જુવાન હતો અને ગરીબ હતો. તેની પાસે નાણાં ન હતા, તેની પાસે એક નાના ગામમાં કદાચ સામાન્ય કામ હતું. અને આ સિવાય આપણે તેના વિશે એટલું જ જાણીએ છીએ કે તેની સગાઈ થઈ હતી. મરિયમનું યૂસફ સાથે વેવિશાળ થયા પછી તેણી પવિત્ર આત્માથી ગર્ભવતી થયેલા જણાઈ હતી.

મિત્રો, જો તે તમારી સાથે થાય તો તમે વિશ્વાસ કરશો? તે અત્યાર સુધી આપવામાં આવેલી સૌથી અસ્પષ્ટ, અપમાનજનક આતાર્કિક વાર્તા છે. પણ તે સત્ય છે. હવે, તે યૂસફ પર એક કસોટી છે. અને બાઈબલ કહે છે કે યૂસફ એક નિતિમાન માણસ હતો અને તેની પત્નિને અપમાનિત કરવા માગતો નહતો. તે વાર્તામાં માનતો ન હતો, પણ અહિં બાઈબલ શું કહે છે. અધ્યાય ૧લામાં આપણે વાંચીએ છીએ કે યૂસફ એક નીતિમાન માણસ હતો અને તે તેની પત્નિને જાહેર રીતે અપમાનિત કરવા માગતો નહતો. તેથી તેણે મરિયમને ચૂપચાપ છૂટાછેડા

આપવાનું નક્કી ક્યું હતું. **"અને તેનો પતિ યૂસફ જે નીતિમાન માણસ હતો, તેણે તેનું ઉઘાડી રીતે અપમાન કરવા ન ચાહતાં તેને ગુપ્ત રીતે મૂકી દેવાનું ધાર્યું."** માથ્થી ૧:૧૯. તે દિવસોમાં વેવિશાળ એક લગ્ન જેવું જ હતું. તે બંધનનો કરાર હતો. તમે ફક્ત એમ જ વેવિશાળ તોડી ન શકો. તમારે વેવિશાળ તોડવા માટે છૂટાછેડા આપવા જરૂરી હતું. તેથી તેણે ચૂપચાપ તેણીને છૂટાછેડા આપવાનું નક્કી ર્ક્યુ હતું. પણ એક દૂતે તેને સ્વપ્નમાં દર્શન આપ્યુ હતું. અને જ્યારે યૂસફ જાગી ગયો, ત્યારે પ્રભુના દૂતે તેને આજ્ઞા આપી હતી, તેમ તેણે ર્ક્યુ હતું. અને તેણે મરિયમને તેની પત્નિ તરીકે સ્વીકારી લીધી. **"ત્યારે યૂસફે ઊંઘમાંથી ઊઠીને જેમ પ્રભુના દૂતે તેને આજ્ઞા આપી હતી તેમ ર્ક્યુ, એટલે તે પોતાની પત્નિને તેડી લાવ્યો."** માથ્થી ૧:૨૪. તે એક ઘણો મોટો વિશ્વાસ માગી લેતો હતો, અશક્ય ન થનારી વાર્તા પર અને ઈશ્વર પર ભરોસો રાખવા માટે કે ઈશ્વરે તેણે કલ્પના કરી હતી તેના કરતા વધુ તેના જીવન માટે યોજના બનાવી હતી.

અહિ પ્રથમ મુદ્દો જેની આપણે નોંધ લેવાની છે; તમને તમારા વ્યવસાયમાં ઈશ્વરના આશીર્વાદ જોઈતા હોય, તમારા સંબંધોમાં, તમારી મિત્રતાઓમાં, તમારી નાણાકીય બાબતોમાં, તો તમારે જેમ યૂસફે ર્ક્યુ તેમ કરવું જોઈએ અને તમારા જીવન માટે ઈશ્વરની યોજનામાં સાથ આપો અને તમારા જીવનમાં તમારી યોજનાને અનુસરવાનું બંધ કરો. આ યૂસફના જીવનમાં એક મોટો સંપૂર્ણ વળાંક હતો. તેણે તેનું જીવન મરિયમ સાથે જીવવા માટે યોજ્યુ હતું. પણ ઈશ્વરની યોજના મોટી અને સારી હતી. જો કે તેનો તમને કોઈ અર્થ ન લાગતો હોય તો પણ તમારે ઈશ્વરની યોજનાને સાથ આપવો જોઈએ. તે પાછળથી અર્થસભર બનશે.

વહાલા મિત્રો, ઈશ્વર પાસે મોટી યોજના છે. પવિત્રશાસ્ત્ર કહે છે, **"કેમ જે ઈરાદા હું તમારા વિશે રાખું છું તેઓને હું જાણું છું, એવું યહોવા કહે છે, એ ઈરાદા ભવિષ્યમાં તમને આશા આપવા માટે વિપત્તિ લગતા નહિ પણ શાંતિને લગતા છે."** યર્મિયા ૨૯:૧૧. ઈશ્વર કહે છે, હું જાણું છુ કે હું શું કરૂ છું. મેં બધી યોજના બનાવી છે. ઈશ્વરની યોજના છે, તમારી કાળજી લેવાની, નહિ કે તમને નુકસાન પહોંચાડવાની. ઈશ્વર સારા ઈશ્વર છે. મારી યોજના તમે જે ભવિષ્યની આશા રાખી છે. તે આપવાની છે. શું તમે ઈશ્વર પર ભરોસો રાખો છો કે તમારી યોજના પર? જો તમને તમારા જીવનમાં ઈશ્વરના આશીર્વાદ જોઈતા હોય તો, તમારે ઈશ્વરની સાથે તમારા જીવનની યોજનામાં સાથ સહકાર આપવો જોઈએ. તેથી જ યૂસફ પ્રથમ નાતાલ વખતે ત્યાં હતો. તેથી યૂસફની જેમ, આપણે આપણા જીવન માટેની ઈશ્વરની યોજનામાં નક્કી સાથ આપવો જોઈએ.



## ૨) ભરવાડો ઘેટાંપાળકોની ઉજવણી!

**"દૂત તેઓને કહ્યું કે બી... મા; કેમ કે જુઓ, હું મોટા આનંદની સુવાર્તા તમને કહું છું, અને તે સર્વ લોકોને માટે થશે. કેમ કે આજ દાઉદના શહેરમાં તમારે સારુ એક તારનાર, એટલે ખ્રિસ્ત પ્રભુ જન્મ્યો છે."** લૂક ૨:૧૦-૧૧.

ભરવાડો કે ઘેટાંપાળકો સમાજની સીડીના સૌથી નીચલા સ્તરે હોય છે. રોમના સામ્રાજ્યમાં અને નવા કરારના સમયમાં તેઓ બહિષ્કૃત હતા. તેઓ ઘેટાં જેવા ડાઘવાળા, હલકા, વાસ આવે એવા હતા. ભરવાડો એવા ખાસ મહેમાનો ન હતા કે કોઈ તેમને જન્મદિવસની મિજબાનીમાં આમંત્રણ આપે કારણ કે તેઓના શરીરમાંથી ઘણી દુર્ગંધ આવતી હોય છે. તેઓ સમાજના સૌથી ઓછા માન વાળા લોકો હતા. તો પણ ઈશ્વર તેમને ઉચ્ચેથી નીચે સુધી આવ્યા અને તેમના પુત્રના જન્મ વખતે તેમને આમંત્રણ આપ્યું હતું. તેઓ રાત્રે ઘાસ પર તેમનાં ઘેટાં સાથે સૂઈ રહેતા હતા, જેથી તેઓ તેમના ઘેટાંનું વરૂઓ અને બીજા અન્ય શિકારી પશુઓથી રક્ષણ કરી શકે. પવિત્રશાસ્ત્ર આ કહે છે, તે રાત્રે પ્રભુનો દૂત તેઓની આસપાસ દેખાયો,

(પાન ૬ પર...)


# નહેમ્યાહ બાઈબલ

નીવાસી અને સાંધ્ય કોલેજ

વેલાચેરી / ચેપોક તથા સંથોષપૂરમ, ચૈનાઈ

माध्यम : हिंदी/तामिल

સભ્યપદ માટે નોંધેલા ઉમેદવાર

સભ્યપદ માટે નોંધેલા ઉમેદવાર – ATA

આંતરરાષ્ટ્રિય ખ્રિસ્તી આગેવાનો અને વડિલ પાળકો

દ્વારા છેલ્લા ૫૩ વર્ષોથી માન્યતા પ્રાપ્ત.

ઇશ્વર વિદ્યામાં સર્ટીફિકેટ : એક વર્ષ

ઇશ્વર વિદ્યામાં ડિપ્લોમા : બે વર્ષ

શૈક્ષણિક પાત્રતા : ૧૦મું અને વધુ

પ્રવેશ લેવા ઝડપ કરો! મહેરબાની કરીને સંપર્ક કરો

Contact : The Chairman, Nehemiah Bible College.

10, MOHAMMED ABDULLAH 2ND STREET, CHEPAUK, CHENNAI - 600 005, INDIA.
Phone : (+91-44) 2852 8282, Cell : (+91) 98410 71852 / 95661 31858
E.mail : sam@echoofhiscall.org / Website : www.echoofhiscall.org

★ ઓનલાઈન ક્લાસ ઉપલબ્ધ છે ★

GREAT COMMISSION PARTNERS

ECHO OF HIS CALL MINISTRIES
SINCE 1969

# મહાન આદેશના ભાગીદારો

વંહેચવું (ગલાતીઓને પત્ર 6:૨), મદદ કરવી (રોમનોને પત્ર ૧૨:૧૩), અને ઝડપ કરવી (રતિમોથીને પત્ર ૧:૬)

**સ્તુતિ તથા પ્રાર્થનાના મુદ્દાઓ ૧૯ ડિસેમ્બર ૨૦૨૨ થી ૧૮ જાન્યુઆરી ૨૦૨૩ સુધી**

(મેહરબાની કરીને આ પાન કાઢો, તેને વાળો અને તે તમારા બાઈબલમાં મૂકો અને નિરંતર પ્રાર્થના કરો)

## ✝ સ્તુતિનાં મુદ્દાઓ

**૧૯ ડિસેમ્બર** : અમારા **સુવાર્તા છાપખાના** માટે અને તેના સતતના કાર્ય માટે, તેના કાર્યક્ષમ કાર્યકરો માટે.

**૨૦ ડિસેમ્બર** : દરેક દુષ્ટ પરિબળોથી આપણા વડિલ પાળક તથા તેમના કુટુંબના સભ્યોના રક્ષણ માટે.

**૨૧ ડિસેમ્બર** : આપણા સર્વ સહસંપાદકો અને તેમના કુટુંબના સભ્યો માટે.

**૨૨ ડિસેમ્બર** : સુવાર્તા સાથે અમને વણખેડાયેલા વિસ્તારોમાં કૃપાળુ રીતે પહોંચાડવા માટે.

**૨૩ ડિસેમ્બર** : સર્વ જરૂરીયાતમંદ લોકોની સેવા કરવા બદલ અમારી **સેન્ટ પોલ મેટ્રીક્યુલેશન સ્કૂલ, નહેમ્યા બાઈબલ કોલેજ** અને **ઈશ્વરવિદ્યાના પત્રવ્યવહાર અભ્યાસક્રમ** માટે.

**૨૪ ડિસેમ્બર** : અમારા સહસંપાદકો, કો-ઓર્ડીનેટરો અને તેમના કુટુંબો માટે.

**૨૫ ડિસેમ્બર** : દુનિયાના તારણહાર ઈસુ ખ્રિસ્તે આપણ સર્વને બચાવવા જન્મ લીધો માટે.

**૨૬ ડિસેમ્બર** : કોરોના વાયરસ ઓછો થઈ રહ્યો છે તે માટે.

**૨૭ ડિસેમ્બર** : અમારા કાર્યકરો પર વરસાવેલા તેમના આશીર્વાદો માટે

**૨૮ ડિસેમ્બર** : મિશન કાર્યકરોની મોટી સમર્પિતતા માટે.

**૨૯ ડિસેમ્બર** : આ વર્ષ દરમિયાન સર્વ ખ્રિસ્તી સંસ્થાઓના સરળ વહિવટો માટે.

**30 ડિસેમ્બર** : આ વર્ષ દરમિયાન ઈશ્વરના સેવકો પરના દૈવી રક્ષણના આશીર્વાદો માટે.

**31 ડિસેમ્બર** : ૨૦૨૨ના આ વર્ષમાં સર્વ જરૂરીયાતો પૂરી પાડવા માટે.

**૦૧ જાન્યુઆરી** : વર્ષ ૨૦૨૨ દરમિયાન તથા નવા વર્ષ ૨૦૨૩ના પ્રવેશ વખતે સર્વ વાચકો અને દુનિયાના લોકોની શાંતિ માટે.

**૦૨ જાન્યુઆરી** : વધુ વિશ્વાસીઓ સાથે અમારા મુખ્ય ચર્ચને અને શાખા ચર્ચોને આશીર્વાદિત કરવા માટે.

**૦૩ જાન્યુઆરી** : વર્ષ ૨૦૨૩ માટે સર્વ ચર્ચોને અને વિશ્વાસીઓને આશીર્વાદો અને સારી ખાતરીઓ માટે.

## ✝ પ્રાર્થનાનાં મુદ્દાઓ

**૦૪ જાન્યુઆરી** : **ઈકો ઓફ હીઝ કોલની મિડીયા મિનિસ્ટ્રી** માટે વિડીયો કેમેરાની વ્યવસ્થા માટે.

**૦૫ જાન્યુઆરી** : **સેન્ટ પોલ મેટ્રીક્યુલેશન સ્કૂલ, નહેમ્યા બાઈબલ કોલેજ** અને **ઈશ્વરવિદ્યાના પત્રવ્યવહાર અભ્યાસક્રમ**ના આચાર્ય, શિક્ષકો, વિદ્યાર્થીઓ અને કાર્યાલયીન કર્મચારીઓ માટે.

**૦૬ જાન્યુઆરી** : દુનિયાની સર્વ ખ્રિસ્તી શૈક્ષણિક સંસ્થાઓને સારી પ્રતિષ્ઠામાં ધરી રાખવા માટે.

**૦૭ જાન્યુઆરી** : સર્વ કુટુંબોમાં શાંતિ જળવાઈ રહે તે માટે.

**૦૮ જાન્યુઆરી** : નવી બિમારીઓ સામે દુનિયાના લોકો ટકી રહે, તેમના રક્ષણ માટે અને સારી તંદુરસ્તી માણવા માટે.

**૦૯ જાન્યુઆરી** : દુનિયાભરના લોકોની વ્યક્તિગત આવક વધે માટે.

**૧૦ જાન્યુઆરી** : સર્વ મંડળીઓમાં દુષ્ટ પરિબળો સામે દૈવી રક્ષણ માટે.

**૧૧ જાન્યુઆરી** : દુનિયાભરના આગેવાનો દૈવી ડહાપણથી ભરપૂર થાય અને લોકોના કલ્યાણ માટે કાર્ય કરે તે માટે.

**૧૨ જાન્યુઆરી** : સર્વ મંડળીઓ અને ખ્રિસ્તી સંસ્થાઓની કાયદેસર રીતે સરકાર સાથે નોંધણી થાય તે માટે.

**૧૩ જાન્યુઆરી** : જુવાનો મધ્યેથી હિંસા તથા હત્યાના દુષ્ટ આત્માઓ દૂર થાય અને તેઓ પવિત્ર આત્માથી ભરપૂર થાય તે માટે.

**૧૪ જાન્યુઆરી** : સર્વ દેશો મધ્યે શાંતિ રહે અને આર્થિક વિકાસ થાય તે માટે.

**૧૫ જાન્યુઆરી** : **ઈકો ઓફ હીઝ કોલ**ની વિવિધ પ્રવૃતિઓ પર આશીર્વાદ માટે.

**૧૬ જાન્યુઆરી** : ખ્રિસ્તીઓ ઈશ્વરના વચનને અનુસરે અને ખ્રિસ્ત જેવા સ્વભાવ ધરાવે તે માટે.

**૧૭ જાન્યુઆરી** : ૨૦૨૩ના નવા વર્ષમાં પાળક એસ. સામ સેલ્વરાજ અને તેમના કુટુંબના સભ્યો પર ઈશ્વરનો હાથ રહે તે માટે.

**૧૮ જાન્યુઆરી** : આપણા પ્રાર્થના ભાગીદારો, લવાજમ ભાગીદારો, વિશ્વાસના ભાગીદારો, જીવન ભાગીદારો અને મહાન આદેશના ભાગીદારો પર અને તેમના કુટુંબના સભ્યો પરના આશીર્વાદ માટે.

(પાન ૪ પરથી આગળ...)

અને આકાશમાં પ્રકાશ છવાઈ ગયો અને દૂતે ઘેટાંપાળકોને કહ્યું કે, ''બીહો મા, કેમ કે જુઓ હું મોટા આનંદની સુવાર્તા તમને કહું છું.'' દરેક વખતે જ્યારે પણ દૂત દેખા દેતા, ત્યારે તેણે એમ કહીને શરૂઆત કરવી પડતી હતી કે બીહો મા, કેમ કે જો તમે તેમને જુઓ તો તમને મરણની બીક લાગે. મોટા આનંદની સુવાર્તા જે સવ લોકો માટે હશે. નાતાલ એ માત્ર ખ્રિસ્તીઓ માટે જ નથી, તે સર્વ લોકો માટે કહીએ છીએ.

ઈસુ ખ્રિસ્ત કેટલાક ખાસ લોકો માટે આવ્યા ન હતા અને મરણ પામ્યા ન હતા પણ સર્વ માટે. આ સર્વ લોકો માટે શુભ સમાચાર છે. અને તેણે કહ્યું કે આજ દાઉદના શહેરમાં તમારા માટે તારનાર જન્મ્યો છે. તે તમારા લાભ માટે છે અને તેઓ પ્રભુ ઈસુ ખ્રિસ્ત છે. ઘેટાંપાળકો બેથલેહેમ દોડી ગયા. આપણે વાંચીએ છીએ, **''તેઓ ઉતાવળથી ગયા અને મરિયમને, યૂસફને તથા ગભાણમાં સૂતેલા બાળકને તેઓએ દીઠાં, તેઓને દીઠાં પછી જે વાત એ છોકરા સંબંધી તેઓને કહેવામાં આવી હતી, તે તેઓએ જાહેર કરી. જે વાતો ઘેટાંપાળકોએ તેમને કહી, તેથી સર્વ સાંભળનારાઓ અચરત થયા.''** લૂક ૨:૧૬-૧૮.

ઘેટાંપાળકો ઉતાવળે બેથલેહેમ ગયા અને ત્યાં તેમણે મરિયમ તથા યૂસફને જોયા અને બાળક ગભાણમાં સુતેલું હતું, તેને જોયું. અને તેને જોયા પછી, તેઓ સ્તુતિના ગીતો ગાતા અને ઈશ્વરનો આભાર માનતા ખેતરોમાં પાછા ગયા. તેઓ આનંદિત લોકો હતા, જેમ દૂતે તેમને કહ્યુ જે હમણાં થાયુ હતું, તે તેમણે જોયું અને સાંભળ્યું જેમ દૂતે કહ્યુ હતુ અને તેઓ સ્તુતિ કરતા હતા અને ઈશ્વરનો આભાર માનતા હતા. તેઓ ઉજવણી કરી રહ્યા હતા. યૂસફે સાથ આપવો પડ્યો હતો પણ ઘેટાંપાળકો ઉજવણી કરતા હતા. યુસફે સાથ આપવો પડ્યો હતો. પણ ઘેટાંપાળકો ઉજવણી કરતા હતા. તેમને માટે ઉજવણી હતી. નાતાલ એક પર્વ છે, તે મરણનો પ્રસંગ નથી. તેથી જ આપણે કહીએ છીએ, મેરી ક્રિસમસ, આનંદિત નાતાલ.

ખ્રિસ્તનો જન્મ મોટા આનંદના શુભ સમાચાર છે જે સર્વ લોકો માટે છે. કેમ કે આજે તમારા માટે દાઉદના શહેરમાં તારનાર એટલે પ્રભુ ઈસુ ખ્રિસ્ત જન્મ્યા છે. તે **સૌથી ઉત્તમ સમાચારો છે.** તમને તમારા પાપ માફ કરવામાં આવે છે. તમને જીવવા માટે હેતુ હોય છે. તમને નાતાલને કારણે આકાશમાં સ્થાન મળી શકે છે. આ એક આનંદનો પ્રસંગ છે. હવે અહિં એક બીજો મુદ્દો છે જેની નોંધ આપણે લેવી જોઈએ. જો તમે આશીર્વાદિત થવા માગો છો, તો તમારે ઘેટાંપાળકોની જેમ ઉજવણી કરવી જોઈએ, કેમ કે ઈશ્વર આપણી સાથે છે. તે જોવું અસરકારક રહેશે કે, નાતાલના દિવસોમાં, લોકો દરેક બાબતની ઉજવણી કરે છે. ત્યાં દરેક પ્રકારની નાતાલની મિજબાનીઓ હશે અને ખ્રિસ્તને ઉલ્લેખ ક્યારેય નહિ હોય. પણ નાતાલની ઉજવણીનો સઘળો હેતુ છે કે ઈશ્વર આપણી સાથે છે. તેઓ આ ધરતી પર આવ્યા, આપણે આ સૃષ્ટિમાં એકલા નથી. આપણા જીવનો માટે તેમની પાસે યોજના અને હેતુ છે. તેઓ આપણને પ્રેમ કરે છે અને આપણને માફી આપે છે અને તેઓ પાસે આપણા જીવનો માટે યોજના છે.

ઘેટાંપાળકોએ ફક્ત ઉજવણી જ ન કરી, પણ તેમણે અન્યોને તે વિશે જણાવ્યું હતું. એમ કહ્યું છે કે તેઓએ સઘળાની સાથે શુભ સમાચારો વહેચ્યાં હતા. છેલ્લે તમે કોઈકને શુભ સમાચારો જણાવીને કેટલો વખત થઈ ગયો છે? શું તમે ક્યારે પણ, કોઈને પણ ઉત્તમ સમાચારો આ દુનિયામાં જણાવ્યા છે? શુભ સમાચારો છે, આપણા પાપની માફી માટે, આપણા જીવનના હેતુ માટે અને આકાશમાં સ્થાન મેળવવા માટે. તે સર્વ માટે છે જેઓ ઈસુમાં વિશ્વાસ કરે છે અને તેમનો સ્વીકાર કરે છે. મિત્રો, શું તમે શુભ સમાચારો વહેંચ્યા છે? પવિત્રશાસ્ત્ર કહે છે કે ઘેટાંપાળકોએ તેમના સંપર્કમાં આવ્યા તે સઘળા લોકોને શુભ સમાચારો જણાવ્યા હતા. તેથી તેમણે ઉજવણી કરી હતી અને યૂસફે સાથ આપ્યો હતો. ઘેટાંપાળકોની જેમ, આનંદની ઉજવણી કરો કે ઈશ્વર અહિં આપણી સાથે છે અને તારણના શુભ સમાચારો અન્યો સાથે વહેંચો.

## 3) મરિયમે તે વાત મનમાં રાખી હતી!

**''તેઓને દીઠા પછી જે વાત એ છોકરાં સંબંધી તેઓને કહેવામાં આવી હતી, તે તેઓએ જાહેર કરી. જે વાતો ઘેટાંપાળકોએ તેમને કહી, તેથી સર્વ સાંભળનારાઓ અચરત થયા. પણ મરિયમ એ સર્વ વાતો મનમાં રાખીને તે વિષે વિચાર કરતી.''**



લૂક ૨:૧૭-૧૯.

મરિયમ ૧૩ વર્ષની જુવાન કુમારિકા હતી પણ તેણીનું યૂસફ સાથે લગ્ન થયું તે પહેલા તેણી ગર્ભવતી થયેલી જણાઈ હતી. યૂસફ સાથે તેણીનું ફક્ત વેવિશાળ થયું હતું. તેણીએ ઈશ્વરપુત્રને ગર્ભમાં રાખ્યા હતા. કોઈપણ તે પર વિશ્વાસ કરવાનું ન હતું. પણ મરિયમ ગભરાઈ ગઈ ન હતી. અને તેણી ગભરાઈ ન હતી તેનું કારણ હતું કે તેણી ઈશ્વરનું વચન જે તેણીને આપવામાં આવ્યું હતુ, તે વિશે વિચાર કરતી હતી. અને જ્યારે યૂસફે સાથ આપ્યો હતો અને ઘેટશંપાળકો ઉજવણી કરતા હતા. ત્યારે મરિયમે એ વાતો મનમાં રાખી હતી. તેણી ઈશ્વરના વચન વિશે વિચાર કરતી હતી. પછી ઘેટાંપાળકોએ જે થયું હતું તે અને દૂતે તેમને બાળક વિશે જે જણાવ્યું હતું તે સઘળાને જણાવ્યું હતું. જેઓ સઘળાએ ઘેટશંપાળકોની વાતો સાંભાળી હતી, તેઓ સર્વ અચરત થયા હતા. પણ મરિયમે તે સર્વ વાતો, જે તેણીએ સાંભળી હતી, તે મનમાં રાખી હતી અને શાંતપણે તેણીના મનમાં તે પર વિચાર કરતી હતી. ઈશ્વરે સઘળી જુવાન પસંદ કરવા માટેની સ્ત્રીઓમાંથી મરિયમને આશીર્વાદ આપવા પસંદ કરી હતી, કેમ કે તેણીએ ઈશ્વરના વચન પ્રત્યે લક્ષ આપ્યું હતું. જ્યારે ઈશ્વર બોલ્યા હતા, ત્યારે તેણીએ સાંભળ્યું હતું. તેણીએ ફક્ત સાંભળ્યું જ ન હતું પણ તેણીએ યાદ રાખ્યું હતું. તેણીએ તે પર વિચાર કર્યો હતો અને તે પર મનન કર્યું હતું. તેણીએ શાંતપણે સર્વ વાતો પર વિચાર કરવાનું ચાલુ રાખ્યું હતું. દૂતોએ જે કહ્યું હતુ તે સર્વ લોકોએ સાંભળ્યું હતું, અને તેઓ આશ્ચર્યચકિત થયા હતા, પણ મરિયમ વિચાર કરતી હતી. મિત્રો, એક મોટા ફરક. જો તમે વચનના વ્યક્તિ છો તો ઈશ્વર તમને તમે વિશ્વાસ ન કરી શકો એ રીતે આશીર્વાદ આપી શકે છે. જો તમે જગતના વ્યક્તિ છો

તો ત્યાં કોઈ આશીર્વાદ માટે અવકાશ નથી કેમ કે તમે વચન વિશે વિચાર કરતા નથી, પણ જગત વિશે વિચાર કરો છો, જગતની બાબતો વિશે વિચાર કરો છો.

જો તમે, મરિયમની જેમ આશીર્વાદિત થવા માગો છો, તો તમારે સતત ઈશ્વરના વચન પર મનન કરવું જોઈએ. પવિત્રશાસ્ત્ર કહે છે કે તેણી શાંતપણે તેણીએ જે બાબતો વિશે સાંભળ્યું હતું, તે પર વિચાર કરતી રહી હતી, જે ઈશ્વરે તેણીના મનમાં કહ્યું હતુ. ઈશ્વરના વચન પર સતત મનન કરતા રહો. હવે, આ વચનની ખાતરી ફક્ત સ્ત્રીઓ માટે જ નથી. આ વચન સર્વ માટે છે, જેઓ વચનને ચાહે છે, સાંભળે છે. **"પણ જે છૂટાપણાના સંપૂર્ણ નિયમમાં નિહાળીને જુએ છે, અને તેમાં રહે છે, જે સાંભળીને ભૂલી જનાર નહિ, પણ કામ કરનાર થાય છે, તે જ માણસ પોતાના વ્યવહારમાં ધન્ય થશે."** (યાકૂબનો પત્ર ૧:૨૫).

જો તમે કાળજીપૂર્વક ઈશ્વરના વચનનો અભ્યાસ કરશો જે તમને મુક્ત કરે છે, તો સત્ય તમને મુક્ત કરશે. તે જે કહે છે તેમ તમે કરશો, તો તમે આશીર્વાદિત થશો. તમે ફક્ત તમારા ઘરમાં બાઈબલ રાખીને, અથવા તમારા કામના સ્થળે તમારી મેજ પર રાખીને આશીર્વાદિત થઈ શકતા નથી, પણ તમે જે વચન કહે છે, તે પ્રમાણે કરીને, તેને વાંચીને, તેનો અભ્યાસ કરીને, તેને યાદ કરીને, તેનું મનન કરીને, વિચાર કરીને અને તેને જીવનમાં ઉતારીને તમે આશીર્વાદ પ્રાપ્ત કરી શકો છો. જો તમે આમાં સાતત્ય રાખો છો, તો તમે આશીર્વાદિત થશો.

**"એ નિયમશાસ્ત્ર તારા મોંમાંથી જાય નહિ; પણ દિવસે તથા રાત્રે તેનું મનન કર કે, તેમાં જે બધું લખેલું છે તે તું કાળજીથી પાળે; કારણ કે ત્યારે જ તારો માર્ગ આબાદ થશે, અને ત્યારે જ તું ફતેહ પામશે."** (યહોશુઆ ૧:૮). આમ તે કહે છે, યાદ કરો, અભ્યાસ કરો, મનન કરો અને ત્યારે તમે સફળ થશો. તે ઈશ્વરના વચનની ખાતરી છે. ઈશ્વર તે માણસ નથી કે જૂઠું બોલે, જેટલું વધુ તમે ઈશ્વરના વચનો અનુસરશો, તેટલી વધુ સફળતા ઈશ્વર તમારા જીવનમાં લાવશે. તેઓ કહે છે કે, જો તમે ચાહો તો શાસ્ત્રમાં એક આબાદીની અને સફળતાની ખાતરી છે. તે ઈશ્વરના વચનનું મનન, ચિંતન કરવા અને તે પ્રમાણે કરવા સાથે જોડાયેલું છે.

## ૪) જ્ઞાની માગીઓ પવિત્ર થયા હતા!

**"અને ઘરમાં જઈને તેઓએ બાળકને તેની મા મરિયમની પાસે દીઠો, ને પગે પડીને તેનું ભજન કર્યુ, પછી તેઓએ પોતાની જોણ્ણી છોડીને સોના તથા લોબાન તથા બોળનું તેને નજરાણું કર્યું."** (માથ્થી ૨:૧૧).

જ્ઞાની માગીઓ ઈરાનના કે ઈરાકના શાહી સલાહકારો અને જ્યોતિષો હતા, જે બાલિલનું કે ઈરાનનું સામ્રાજ્ય હતું. દાનિયેલને જ્ઞાની માગી બનવાની તાલિમ કરવામાં આવી હતી. પૂર્વના માગી અથવા જ્ઞાની લોકો ધરતી પરના સૌથી વધુ શિક્ષિત લોકો હતા. તેઓ વૈજ્ઞાનિકો હતા, તેઓ વિદ્વાનો હતા. તેઓ જ્યોતિષ, આરોગ્ય, ભાષાઓ અને સાહિત્યના નિષ્ણાત હતા. તેઓ તે સમયના પૃથ્વી પરના અતિ પૂર્વનાં, ઘણા શિક્ષિત લોકો હતા. હવે, આ લોકો ઘેટાંપાળકોથી તદ્દન વિરુધ્ધ, વિપરિત હતા. આ લોકો, જ્ઞાની માગીઓ પૂર્વેમાંથી મૂસાફરી કરીને બેથલેહેમ આવ્યા હતા.

હવે, ઈરાક, ઈરાન, પર્શિયા કે બાબિલથી બેથલેહેમ સુધી મૂસાફરી કરવા ઘણા નાણાની જરૂર પડે. પણ તેઓ ધનવાન હતા, અને તે માટે તેમને ઘણા સમયની જરૂર હતી. પણ તેઓએ આ કર્યુ કેમ કે તે એક બુધ્ધિમાન મૂસાફરી હતી. તેઓએ આકાશમાં એક તારો જોયો હતો. અને તેઓએ શાસ્ત્રોનો, હસ્તપ્રતોનો અને પરંપરાઓનો અભ્યાસ કર્યો હતો; આ ચિન્હ છે કે જગતના તારનારનો બેથલેહેમમાં જન્મ થશે. તેથી ઘણો સમય અને નાણા ખર્ચીને, તેઓએ બેથલેહેમ સુધી મૂસાફરી કરી હતી. તેઓ સત્યને શોધી રહ્યા હતા, તેઓ ઈશ્વરને શોધી રહ્યા હતા, જે કરવું હમેશાં ડહાપણની વાત છે.

વહાલા મિત્રો, શું તમે સત્યને શોધી રહ્યા છો? જો એમ હોય તો ઈસુની પાસે આવો. તેઓ

પાન ૯ પર આગળ...


## ઇકો ઓફ હીજ કોલ પત્રવ્યવહાર અભ્યાસક્રમો

### ૧. બાઈબલકોર

અમે બાઈબલના મૂળભૂત સત્યો પર આધારિત પત્રવ્યવહાર અભ્યાસક્રમ નવા ખ્રિસ્તીઓ માટે અને બીન-ખ્રિસ્તીઓ માટે રજૂ કરીએ છીએ- અંગ્રેજીમાં-૫૭ પૃષ્ઠો, હિન્દીમાં-૭૬ પૃષ્ઠો અને તામિલમાં-૯૬ પૃષ્ઠોનો. તમને અભ્યાસક્રમનું પુસ્તક, જેનું નામ છે, "નવુ જીવન-તમારા માટે" એ મળશે. આ અભ્યાસક્રમની સમાપ્તિ પછી તમને એક સર્ટીફીકેટ આપવામાં આવશે. આ માટે કોઈ ફરજીયાત શૂલ્ક નથી. તમે આશીર્વાદિત થશો!

### ૨. ઈશ્વરવિદ્યાનો પત્રવ્યવહાર અભ્યાસક્રમ

અગ્રિમ અંતર શિક્ષણ જે **ઈશ્વરવિદ્યાનો પત્રવ્યવહાર અભ્યાસક્રમ** તરીકે ઓળખાય છે, તે અંગ્રેજીમાં ૫૩૭ પૃષ્ઠો અને તામિલમાં-૬૫૨ પૃષ્ઠો સાથે પાળકો, સુર્વાતિકો, ખ્રિસ્તી આગેવાનો અને લે આગેવાનો માટે ઉપલબ્ધ છે. રૂા.૧૦૦૦/- ફી શુલ્ક લેવામાં આવશે. ૧૪૯ પ્રકરણો સાથે ૭ પુસ્તકો આપવામાં આવશે. **મિનિસ્ટ્રીમાં સર્ટીફીકેટ** આપવામાં આવશે. ઇશ્વર તમને આશીર્વાદિત કરશે!

**વધુ માહિતી માટે અમારા પર લખો**



**The Chairman, Nehemiah Bible College,**
Echo of His Call, Post Box 2957
CHEPAUK, CHENNAI - 600 005.
Ph.: (044) 2852 8282, 2852 9293, 2854 7766,
Cell : 98410 71852, 95661 31858
E.mail : biblecor@yahoo.co.in



## કર મુક્તિ

કોઈ પણ વ્યક્તિ કે સંસ્થા દ્વારા **ઈકો ઓફ હીજ કોલ** શૈક્ષણિક ટ્રસ્ટને અપાયેલ દાનો આવકવેરા મુક્તિ હેઠળ સેક્સન ૮૦જી મુજબ કર મુક્તિને પાત્ર છે. આ માટે અધિકૃત રસીદ આપવામાં આવશે. મહેરબાની કરીને તમારા આવા દાનો ડિમાન્ડ ડ્રાફ્ટ / ચેકો / મનિઓર્ડર દ્વારા **ઈકો ઓફ હીજ કોલ** શૈક્ષણિક ટ્રસ્ટની તરફેણમાં લખો અને અમને મોકલી આપો.

| | | |
|---|---|---|
| Account Name | : | ECHO OF HIS CALL EDUCATIONAL TRUST |
| Account Number | : | 1023 2923 805 |
| Bank Name | : | STATE BANK OF INDIA |
| Branch | : | TRIPLICANE, CHENNAI - 600 005 |
| IFSC Code | : | SBIN 0000249 |
| SWIFT Code | : | SBI NIN BB 455 |



# ખાડામાંથી મહેલમાં

## Pit To Palace

(પાળક એસ. સામ સેલ્વરાજના જીવનનાં અનુભવો)

"જે વાંચે, તે સમજે" (માથ્થી ૨૪:૧૫)

## ઈશ્વર નિર્બળની પ્રાર્થનાનો જવાબ આપે છે! GOD ANSWERS THE PRAYER OF THE WEAK!

ઈશ્વરની કૃપાથી ૧૦.૮.૧૯૬૯થી મેં તાલિમ, ટ્રાક્ટની વહેંચણી, સભાઓમાં પ્રાર્થનામાં આગેવાની અને ઈશ્વરના વચનોનો મંડળીઓમાં ઉપદેશ આપવો, તેની સાથે મારી સુવાર્તાની શરૂઆત કરી હતી.




ઈશ્વરના સેવક તરીકે, મને કોઈક જ ઓળખતા હતા, કેમ કે હું જુવાન હતો અને કામમાં નવો હતો. વધુમાં સેવાકાર્યમાં ટકી રહેવામાં નાણા એ મોટો અવરોધ હતો. પરિણામે, મારે દરરોજ ઘણા માઈલો ચાલવું પડતું હતું અને સેવાકાર્ય કરવું પડતું હતું. તેથી ઘણે સુધી ચાલવું અને ભૂખ્યા રહેવું તે મારા સેવાકાર્યનો ભાગ હતો. ત્યાં સેવાકાર્ય કરવા માટે અને સેવાકાર્યને માટે સાધનો ખરીદવા માટે ઘણા નાણાંની જરૂર હતી.

મારી મિનિસ્ટ્રીની શરૂઆતથી મારામાં એક દ્રઢ પ્રતીતિ હતી કે મારા મિત્રો અને સગાવહાલોઓ પાસેથી કોઈપણ પ્રકારની સહાય મેળવવા માટે અરજ કરવી નહિ. તેમના કાર્ય માટેની વ્યવસ્થા ઈશ્વરે કરવાની હતી કેમ કે તેમણે મને તેડ્યો હતો. ઈશ્વરે મને આ સિધ્ધાંતને આજ સુધી વળગી રહેવામાં સહાય કરી છે. આ સિધ્ધાંતને અનુસરીને મારે અવર્ણનીય મુશ્કેલીઓ અને પડકારોનો સામનો કરવો પડ્યો હતો.

હું માનસિક અને શારીરિક રીતે એટલી હદે પ્રભાવિત થયો હતો કે કોઈ ચોક્કસ પરિસ્થિતિમાં હું તે સંભાળી શકતો ન હતો. મારા એક સંબંધી, શ્રી. સ્વર્નારાજે મને ટ્રાન્સપોર્ટ વિભાગમાં એક સરકારી નોકરી અપાવવાનો પ્રયત્ન કર્યો; અને ઈશ્વરના એક સેવક પાલાપાલામ, માથીકોડના કાલેબે અને મારા એક મિત્રએ મને ખાનગી કંપનીમાં નોકરી અપાવવાનો પ્રયત્ન કર્યો હતો; તેમના બન્નેના પ્રયત્નો વ્યર્થ ગયા હતા.



આવી પરિસ્થિતીમાં, જ્યારે હું ૧૭.૫.૧૯૭૧ના રોજ ઉપવાસ કરી રહ્યો હતો, ત્યારે પ્રભુના આત્માએ મને ભારપૂર્વક કાયમી સ્વરૂપની નોકરી માટે પ્રાર્થના કરવા દોર્યો હતો. પ્રાર્થનાને કારણે, મેં દ્રઢ પ્રતીતિ સાથે વચનો મેળવ્યા હતા, "એક મહિનાના સમયની અંદર, હું તને કાયમી નોકરી અપાવીશ અને તું તેની સાથે જીવી શકીશ." શાસ્ત્રના વચન પ્રમાણે, જે કહે છે કે, **"તેના વિષે આપણને જે હિંમત છે તે એ કે જો આપણે તેની ઈચ્છા પ્રમાણે કંઈ માગીએ, તો તે આપણું સાંભળે છે; અને જો આપણે જાણીએ કે જે કંઈ આપણે માગીએ તે સંબંધી તે આપણું સાંભળે છે, તો આપણે તેની પાસે જે માગ્યું છે તે આપણને મળે છે, એ પણ આપણે જાણીએ છીએ."** (૧ યોહાનનો પત્ર ૫:૧૪,૧૫). મને નવી નોકરી મળી છે એમ વિશ્વાસ રાખીને મેં તેમાં જોડાવા માટે જરૂરી સર્વ તૈયારી કરી. જેઓએ મને મારી પ્રવૃતિઓ કરતા જોયો, તેઓએ મારી માનસિક સ્થિતિ વિશે શંકા કરવાનું શરૂ કર્યું. પણ તેમના વિશે પરવા કર્યા વિના, મેં ઈશ્વરમાં સંપૂર્ણ વિશ્વાસ રાખ્યો હતો.





જેમ જેમ દિવસો પસાર થતા ગયા, હું દરરોજ આતુરતાથી ટપાલીની રાહ જોતો રહ્યો હતો. એક આખો મહિનો પસાર થઈ ગયા પછી, બરાબર ૧૮.૬.૧૯૭૧ના રોજ, હું પ્રભુમાંના વિશ્વાસમાં પોસ્ટ ઓફીસમાં ગયો. જ્યારે ટપાલી શ્રી. નેલ્લાઈપાને મને જોયો, ત્યારે તેણે ઈશારો કર્યો કે ત્યાં કંઈ નથી. તો પણ, ઈશ્વરના વચનની ખાતરીને વળગી રહેતા, હું ત્યાં બેઠો અને પ્રાર્થના કરતો હતો. મારા ઘણા આશ્ચર્ય વચ્ચે થોડી મિનિટોમાં, તે જ ટપાલીએ કહ્યું, "સામ, તારા નામે એક રજીસ્ટર્ડ પત્ર આવ્યો છે, અહિં સહી કર અને તે લે."



**૧૯૯૪માં મારી નોકરી છોડતી વખતે મારા સહકાર્યકરો સાથે**







**૧૯૯૪માં મારી નોકરી છોડતી વખતે મારી વિદાયગીરીમાં મારા સહકાર્યકરો**
**ફેક્ટરીના મુખ્ય નિરિક્ષક શ્રી. એ. શૈનબાગમ, બી.ઈ.**

પત્ર ખોલતા જ, મેં જોયું કે તે TNPSC, ચેન્નાઈના કાર્યાલયમાંથી નિમણૂકનો પત્ર હતો કે મારે લેબર વિભાગમાં જોડાવાનું હતું. કેટલાક વર્ષો અગાઉં મેં એક પરીક્ષા આપી હતી, તેનું તે પરિણામ હતું. તે મારી સતતની પ્રાર્થનાની ઉતાવળને કારણે હતું અને ચમત્કાર થયો હતો. હા, પ્રાર્થના એક અદ્‌ભૂત આત્મિક હથિયાર છે. હું આનંદ સાથે ચેન્નઈ આવ્યો અને નોકરીમાં જોડાયો. મારી નોકરીમાનાં મારા પગારનો મોટો હિસ્સો મારા સેવાકાર્યના કામમાં રોકવામાં આવતો હતો. પછી, ૧૯૯૪માં, પ્રભુએ મને સરકારી નોકરી છોડવાનો આદેશ આપ્યો જેથી હું પૂર્ણ સમયનું સેવાકાર્ય કરી શકુ અને મેં તેમના તેડાને સ્વીકાર્યુ અને પૂર્ણ સમયની મિનિસ્ટ્રીમાં દાખલ થયો. આપણા ઈશ્વર ભલા ઈશ્વર છે! તેઓ સમયના પાબંદી છે! **તેમને મજબૂતીથી વળગી રહો!! તમે સફળ થશો જ!!! તેઓ આજે આતુરતાથી તમને જોઈ રહ્યા છે.**

**''દ્રઢ મનવાળાને તું શાંત જ રાખીશ; કેમ કે તેનો ભરોસો તારા પર છે.''** (યશાયા ૨૬:૩) * * *

(પાન ૭ પરથી આગળ...)

તમને સ્વીકારવા તૈયાર છે. ઈસુ પાસે આવવા તમારે કંઈ વિશેષ કરવાની જરૂર નથી; તમે જેવા છો તેવા આવો; જ્ઞાની માણસો હજુ ઈસુને શોધી રહ્યા છે. જ્ઞાની માણસો હમેશાં ઈસુને શોધે છે. ફક્ત મૂર્ખો તેમને શોધતા નથી. મૂર્ખો જીવનમાં તૈયારી કર્યા વગર આગળ વધે છે અને અનિવાર્યતાનો, મરણનો સામનો કરે છે.

જ્યારે જ્ઞાની માગીઓએ બાળકને તેમની માતા મરિયમ સાથે જોયા, ત્યારે તેઓ તેમની આગળ પગે પડ્યા અને તેનું ભજન કર્યુ. **''અને ઘરમાં જઈને તેઓએ બાળકને તેની મા મરિયમની પાસે દીઠો, ને પગે પડીને તેનું ભજન કર્યુ, પછી તેઓએ પોતાની જોણ્ણી છોડીને સોના તથા લોબાન તથા બોળનું તેને નજરાણું કર્યુ.''** (માથ્થી ૨:૧૧).

નોંધો કે તેઓ મરિયમની આગળ પગે પડ્યા ન હતા અને તેણીનું ભજન કર્યુ ન હતું. તેણી તે ઓરડામાં ત્યાં જ હતી. તેઓ ઈસુની આગળ પગે પડ્યા હતા અને તેનું ભજન કર્યુ હતું. પછી તેઓએ તેમની જોણ્ણી છોડીને તેમને સોના, લોબાન તથા બોળનું નજરાણું કર્યુ હતું. એ દરેક નજરાણું એ પ્રતીકનું પ્રતિનિધિત્વ કરતું હતું કે ઈસુ તેમના જીવનમાં અને મૃત્યુ અને પૂનરુત્થાન પછી આપણા માટે શું કરવાના હતા. અને સ્વપ્નમાં ચેતવણી મળ્યાથી તેઓ બીજે માર્ગે પોતાના દેશમાં પાછા ગયા. કોઈપણ સમયે તમે ઈસુ સાથે હો, તે તમારો માર્ગ બદલી નાખે છે, તે તમે જે માર્ગમાં ચાલો છો, તેને બદલી નાખે છે. આપણી પાસે ઈશ્વરથી મોટા કોઈ નથી કે આપણા જીવનો બદલી નાખે અને આપણને બદલી ન નાખે. જો તમે વિચારો કે ઈશ્વર તમારા જીવનમાં છે અને તેથી કોઈ બદલાવ થયો નથી, તો તમે બીજું કંઈક મેળવ્યું છે પણ ઈશ્વરને નહિ. કારણ કે ઈશ્વર એટલા મોટા છે કે તેઓ તમારા માર્ગો બદલ્યા વગર તમારા જીવનમાં આવી શકતા નથી.

જ્ઞાની લોકો ઈસુ પાસે આવ્યા તે તેમને માટે ઘણું ખર્ચાળ હતું. પણ તેઓએ તેમને જોયા, તેઓએ તેમનું ભજન કર્યુ. અને અહિં ચોથો પાઠ છે, કે જો તમે આશીર્વાદિત થવા માગો છો, તમારા જીવનને તમે આશીર્વાદિત કરવા માગો છો, તો તમારે જ્ઞાની માગીઓ જેવા થવું જોઈએ અને તે આ છે, તમારો સમય અને તમારા નજરાણાં ઈસુને સમર્પિત કરો. તેઓ ઈસુ માટે નજરાણાં લાવ્યા હતા. તમારા જીવનમાં તમે જે કંઈ બાબતો મેળવી છે તે તમને તેમની તરફથી મળી છે. ઈશ્વર વગર તમારી પાસે કંઈ ન હોત. આ તો ફક્ત ઈશ્વરને તે પાછું આપવાનું છે જે તેનો ગુણાકાર કરે છે અને પાછું આપે છે. **''તમારી જાતનું ઈશ્વરના જીવંત બલિદાન તરીકે અર્પણ કરો, સમર્પિત કરો, ત્યાં સમર્પિત વચન છે, તેમની સેવા માટે અને તેમને પ્રસન્ન કરવા માટે. તેથી ભાઈઓ, હું તમને વિનંતી કરીને કહું છું કે, દેવની દયાની ખાતર તમે તમારાં શરીરોનું જીવતું, પવિત્ર તથા દેવને પસંદ પડે એવું અર્પણ કરો; એ તમારી બુધ્ધિપૂર્વક સેવા છે.''** (રોમનોને પત્ર ૧૨:૧) તેથી આવો આપણે આપણો સમય આપીએ અને આપણું જીવન સમર્પિત કરી અને આપણી ભેટો ઈશ્વરને સમર્પિત કરીએ.

**''વળી તમારા અવયવોને અન્યાયનાં હથિયાર થવા સારું પાપને ન સોંપો; પણ મૂએલાંમાંથી સજીવન થયેલા એવા તમે પોતાને દેવને સોંપો, તથા પોતાના અવયવોને ન્યાયીપણાનાં હથિયાર થવા સારું દેવને સોંપો.''** (રોમનોને પત્ર ૬:૧૩). આના કરતા વધુ ડહાપણભર્યુ કંઈ નથી. તમારી જાતને એવી કોઈ વસ્તુ ન આપો જે ટકશે નહિ. તમારી જાતને એવી કોઈ બાબત કે વસ્તુ આપો કે જે સદાકાળ માટે ટકે. તમરી જાતના દરેક ભાગને ઈશ્વરને પૂર્ણપણે આપો, ઈશ્વરના હાથના સાધન બનવા માટે કે તેમના સારા હેતુઓ માટે તેનો ઉપયોગ થાય.

## તમે ઈસુને શું આપવા જઈ રહવા છો?

તમે આ મોસમ દરમિયાન ઘણો સમય અને પૈસા ખર્ચવાનાં છો કે તમે અન્ય લોકો માટે ભેટો ખરીદી શકો. તમે નાતાલ માટે પ્રભુ ઈસુ ખ્રિસ્તને શું આપવા જઈ રહ્યા છો? જન્મદિવસના બાળક સિવાય તમે જન્મદિવસની ઉજવણીના દિવસે દરેક જણ એકબીજાને ભેટો આપે, તેની અપેક્ષા કરી શકતા નથી. આ નાતાલની મહત્વની ભેટ તમે આ વર્ષે આપવા જઈ રહ્યા છો, તે પૂર્ણપણે ઈસુને માટે છે. જે ઉત્તમ ભેટ તમે ઈસુને આપી શકો છો તે તો તમારો તેમના માટેનો સંપૂર્ણ પ્રેમ, તમારી વિશ્વાસ અને તમારું લક્ષ છે. તેઓ તમારી કોઈપણ ભેટો આનંદથી સ્વીકારશે.

જ્ઞાની માગી લોકોએ નાતાલની પરંપરાગત ભેટો આપવાની શરૂઆત કરી હતી. તેઓ ઈસુ માટે નજરાણાં, ભેટો લાવ્યા હતા અને હવે એકમેકને ભેટો આપીએ છીએ. પણ આ ભેટો આપવાની સંપૂર્ણ બાબત આવી કેમ કે ઈશ્વરે જગત પર એટલો પ્રેમ કર્યો ને તેઓએ પોતાનો એકાકીજનિત દીકરાને આપી દીધો, કે જેથી જે કોઈ તેમના પર વિશ્વાસ કરે તે નાશ ન પામે, પણ અનંતજીવન પ્રાપ્ત કરે. ઈશ્વરે પ્રથમ નાતાલની ભેટ આપી હતી.

હવે આ ચાર બાબતો એ હતી કે યૂસફે સાથસહકાર આપ્યો હતો અને ઘેટાંપાળકોએ ઉજવણી કરી હતી અને મરિયમે તે વચન પર મનન કર્યુ હતું. તે વચન મનમાં રાખ્યું હતુ અને જ્ઞાની લોકોએ તેમનું નજરાણુ ઈસુને ભેટ ધરીને પોતાને પવિત્ર કર્યા હતા. મિત્રો, તમારે શું કરવાનું છે. તે નક્કી કરો અને ઈશ્વરથી આશીર્વાદિત થાઓ અને અન્યો માટે આશીર્વાદિત બનો!

*********

RNI NO. 70103/98, Postal Regn. No. TN/CH(C)/203/21-23 WPP NO. TN/PMG(CCR)/WPP-216/21-23

## ઈકો ઓફ હીજ કોલ
### માસિક સામયિક વિના મૂલ્ય મેળવવાની એક સારી તક

જો તમે તમારા મિત્રો, સંબંધીઓના સરનામા ટપાલથી, પત્રથી, ઈમેલથી, વોટ્સઅપથી અથવા ફોનથી અમારા પર મોકલશો, તો અમે **ઈકો ઓફ હીજ કોલ** માસિક સામયિક તેમના ઘરે વિના મૂલ્ય મોકલશું.

## OUR BANK DETAILS:

### *1. Bank : State Bank of India*

Branch : **Triplicane, Chennai-5**
Name : **S. Sam Selva Raj**
A/C No. : **1023 2934 679**
IFSC : **SBIN 00 00 249**
SWIFT CODE : **SBI NIN BB 455**

### *2. Bank : ICICI Bank*

Branch : **Anna Salai, Chennai-6**
Name : **Echo of His Call**
A/C No. : **6038 0502 2319**
IFSC : **ICIC 000 6038**

### *3. Bank : State Bank of India*

**(This Account is for Tax Exemption for Indians only )**

Branch : **Triplicane, Chennai-5**
Name : **Echo of His Call Educational Trust**
A/C No. : **1023 2923 805**
IFSC : **SBIN 00 00 249**

**Google Pay: 98410 71858**
**PayPal : SAM SELVA RAJ**
*****
**E.mail : sam@echoofhiscall.org**

## તેમના સાદનો પ્રતિસાદ

૧૬ ભાષાઓમાં પ્રકાશિત થતુ માસિક સામાયિક, બાઈબલ કોલેજો, પત્રવ્યવહાર અભ્યાસક્રમો, ચર્ચ પ્લાંટીંગ, ગ્રામ્ય અગ્રેજી માધ્યમિક સ્કુલ, સુવાર્તા છાપખાનું, ધર્મસભાઓ, પરિસંવાદો, સામાજીક સેવાઓ વગેરે.

વાર્ષિક લવાજમ : રૂ.૧૦૦/-   આજીવન લવાજમ રૂ.૨૦૦૦/-

**તેમના સાદનો પ્રતિસાદ** (ઇકો ઓફ હીજ કોલ) મિનિસ્ટ્રીની અનેકવિધ પ્રવૃત્તિઓ તમારા જેવા દેવના લોકો દ્વારા મળનાર સ્વૈછીક દાનો પર આધારીત છે. જેમ ઈશ્વર તમને દોરે તેમ તમે ઈકો ઓફ હીજ કોલ અને તેની પ્રવૃત્તિઓને મદદ કરી શકો છો. અમને તમારી મદદની જરૂર છે જેથી અમે વણખેડાયેલા લોકો સુધી સુવાર્તા મોકલી શકીએ અને ચર્ચો ઉભા કરી શકીએ.

જો તમે **ઈકો ઓફ હીજ કોલ** (તેમના સાદનો પ્રતિસાદ) સામાયિક નિયમિતપણે મેળવવા માગો છો, તો મહેરબાની કરીને અમારા પર લખો. જ્યારે પણ તમે તમારૂં પત્રવ્યવહાર સરનામું અથવા ઈમેલ સરનામા બદલો, મહેરબાની કરીને અમને તમારા જુના અને નવા સરનામા જણાવશો.

**ઈકો ઓફ હીજ કોલ** (તેમના સાદનો પ્રતિસાદ) ૧૬ ભાષાઓમાં અમારી વેબસાઈટ પર ઉપલબ્ધ છે, તમે તે સાઈટ પર જઈને વાંચી શકો તેમજ ડાઊનલોડ કરી શકો અને આશિર્વાદ મેળવો.

તમારા પત્રો, પ્રાર્થના વિનંતિઓ અને તમારી નાણાંકીય મદદો મનીઓર્ડર, ચેક અથવા ડી.ડી.દ્વારા NEFT, PayPal (Sam Selva Raj, sam@echoofhiscall.org) Phone Pay (9841071858) GPay (9841071858) વેસ્ટર્ન યુનિયન, મનીગ્રામ વગેરે મારફત ઇકો ઓફ હીજ કોલ મિનિસ્ટ્રી પર નીચે દર્શાવેલ સરનામાપર મોકલી શકો છો.

મહેરબાની કરીને તમારા **ઘરનો ફોન/સેલ નંબરો, ઈમેલ સરનામા** અપડેશન માટે મોકલો.

અમારૂં સરનામું **ECHO OF HIS CALL**
10, MOHAMMED ABDULLAH 2ND STREET, CHEPAUK, CHENNAI - 600 005, INDIA
PH: (+91-44) 2852 8282, 2852 9293, 2854 7766/ Cell: (+91) 98410 71852, 95661 31858 / E.mails: sam@echoofhiscall.org / biblecor@yahoo.co.in
Websites: www.echoofhiscall.org / www.stpaulsmatriculation.com

**YOU CAN SEND YOUR DONATION ONLINE ALSO**

RNI NO. 70103/98
**Postal Regn. No. TN/CH/(C)/203/21-23**
**WPP NO. TN/PMG(CCR) / WPP- 216/21-23**
**Date of Publication: Third week of every month**
**Date of Posting : 15th & 16th of every month**
**Posted at "Egmore RMS / 1 Patrika Channel"**
**on 16th DECEMBER 2022**
**If un-delivered please return to:**
**ECHO OF HIS CALL (GUJARATI)**
**P.O. Box No. 2957,**
**Chepauk, Chennai - 600 005, INDIA.**
**Phone: (+ 91- 44) 2852 8282, 2852 9293, 2854 7766**

***JESUS LOVES YOU!***

**To**

*GOD BLESS YOU!*

Owned and published by **S. Sam Selva Raj** from New No. 8 & 10, Old No. 18 & 19, Mohammed Abdullah 2nd Street, Chepauk, Chennai-600 005 and printed by him at **Echo of His Call Printers**, New No. 8 & 10, Old No. 18 & 19, Mohammed Abdullah 2nd Street, Chepauk, Chennai-600 005. Editor: **S. Sam Selva Raj.**